ૐ

શ્રી મસ્તરામજી
બોધવચનમાળા.

પ્રખર પંડીત પ્રસિદ્ધ વક્તા પૂજ્યપાદ
સદ્દગત ગુરૂવર્ય મહારાજ શ્રી નાગજી
સ્વામીના સ્મરણાર્થે.

એક સમદર્શી જૈન સાધુનાં ઉપદેશથી
છપાવી પ્રસિદ્ધ કરનાર,
મોરબી નિવાસી, **મહેતા હીરાલાલ**
માણેકચંદ તથા **મગનલાલ** તરફથી ભેટ

ધી સૌરાષ્ટ્ર પ્રિન્ટીંગ પ્રેસ—જુનાગઢ

સંવત ૧૯૮૭ સને ૧૯૩૦

ૐ૭૦૨

મસ્તરામજી બોધવચન માળા.

ભુત આકાસ કું પહેલાં ત્યાગે,
ચિત આકાશથી જાગ્યો આગે;
ચિત રોકે સાધનમેં લાગે.
"મસ્તરામ" અનુભવમેં જાગે. ૧

રામ ભજન અંતર લય લાવે,
બિના ભણે બ્રહ્મ વિદ્યા આવે;
જીવ પલટ બ્રહ્મ હો જાવે,
"મસ્તરામ" નિરભય પદ પાવે. ૨

ખરી વાતમેં ક્યું બેઠા ખુટી,
રામ રસાયણ પી લે બુટી,
તો લક્ષ ચોરાશી જાવે છુટી;
"મસ્તરામ" કહે માયા જુઠી. ૩

ત્યાગી તો નિસરે ઘરબાહર,
ઘરમેં તો બેઠા રહે કાયર;

સંસારી ધન ધામ સમજે,
મુગા પક્ષી નીકળે ઘરબારે,
"મસ્તરામ" કર્યું કાજ બીગારે. ૪

એક દેખ્યો બ્રહ્માનો છોરો,
સદા લિખે કાગળીઓ કોરો;
રાત દિન તો ભરતો પોરો.
"મસ્તરામ" કહે આતને ગોરો ૫

છોરેગોં નહિ સરચ્યો નીકો.
કોરે કાગળ તાણે લીટો;
પેટમેં તો ભરિયો હિટો,
"મસ્તરામ" કહે આંખેથી દીઠો. ૬

વેદ ભણ્યા વિદ્વાન બનાવે.
અવિદ્યા સહ નરકમેં જાવે;
વિદ્યા અવિદ્યા ભુલી જાય;
તો કેવળમેં કેવળ દરશાય,
"મસ્તરામ" કુછ કહ્યો ન જાય. ૭

વિધી નિષેધ બ્હોંય તળાયે હેઠ,
વિદ્યા અવિદ્યા ધરી સમેટ;
બ્રહ્માસ્મી બાંધી ભેટ,
"મસ્તરામ" પહોંચી ગયા ઠેઠ. ૮

માયામાં છે ઝાઝો ઝેર,
કરે સદા એ કાળો કેર;
જીવ જીવને સાથે વેર.
કરે વીંગાણા આડે પેર,
" મસ્તરામ " ને લીલા લહેર ૯

એક દેખીયો મોટો શેર,
જીવ ભુલ્યો પોતાનો ઘેર;
છોડે દોસ્તી છોડે વેર.
તો સળંગ સુતર આપણે ઘેર,
" મસ્તરામ " ને લીલા લહેર ૧૦

ભજનતણી બાંધે સમશેર,
જીતી લેવે જમથી વેર;
જ્ઞાન ગુપ્તિની ચાલે નેર,
" મસ્તરામ " ને લીલા લહેર ૧૧

અંતરજામી અંતરમેં બોલે;
જાકે કટાક્ષે બ્રહ્માંડ ડોલે;
છુપી રહયો માયાને ઓઝે,
કોટી ઉપાય હાથ નહિ આવે;
" મસ્તરામ " કભી દરશન પાવે. ૧૨

રામભજન અંતર લે લાવે

તો અંતરજામી અંતરમે પાવે,
બહાર ભટકત હાથ નહિ આવે,
" મસ્તરામ " તો કહી સમજાવે: ૧૩

રામભજન ગુપ્ત રસ ચાખે,
સંકલ્પ-વિકલ્પ રોકી રાખે:
તો હોય નિરબંધ બંધ નહિ લાગે
" મસ્તરામ " કે સાધન પાકે. ૧૪

મન પરપંચી પરપંચ ઉઠાવે,
મન ભાગી જાવે હાથ નહિ આવે;
સત પુરુષ મનકું ઘર લાવે,
" મસ્તરામ " તો કહી સમજાવે ૧૫

ઉંચ નીચ તો કોને કહું,
ઉંચ નીચ તો હું નો હું;
હું મુનીશ હું છું એકલા,
" મસ્ત " વચન એહનો કથતા ૧૬

આવસ હે પાણીમેં લીંડી,
કાળ તપાસી રહ્યો છે ચીડી;
માયા ન છુટે નજરથી ડીંડી,
" મસ્તરામ " કહે માયા મીંડી. ૧૭

માયા જાણો કાળી કુતી

સંસારીને ઘરમેં સુતી;
ગિરસ્તી પુજે કરે અસ્તુતિ
ત્યાગી મારે લક્ષ્મિને જુતી,
“ મસ્તરામ ” કહે ભાગરે દુતી ૧૮
જે પુરૂષપર માયા કોપી
ખેંચ લંગોટી ઉતારે ટોપી;
બકેબકે મરજાદા લોપી,
“ મસ્તરામ ” ઉભા પગ રોપી ૧૯
ભણ્યા ગણ્યા કોઇ દેખ્યા પોપટ,
સદા રમે માયાની ગોપટ,
કંચન કામની છુટે ન ચોપટ,
“ મસ્તરામ કોઇ નીકળ્યા સોપટ ૨૦
અહાસ્મી મુખથી કેહે, કહે માયાને ખોટી,
કાયા છુટે માયા નહિ છુટે છુટી જાય લંગોટી;
નારી આવે શીશ નમાવે, જાવે ચરણુ પલોટી,
“મસ્તરામ” મહારાજ કહે માયા સૌથી મોટી. ૨૧
નીચી બેઠક ઉંચી રેણી,
ત્યાગી પુરૂષની અદ્‌ભુત કેણી,
હરી ભગતાને હે સુખ દેણી,
“ મસ્તરામ ” ની બાત સાચી,
ફેર બાત મત પુછો પાછી. ૨૨

જો પુરૂષને વળગી ચુડ,
તે તો થાયે આંધો ઘુડ;
બાયડીયો તો ખાવે ધુડ,
રાત દિવસ તો બોલે કુડ;
"મસ્તરામ" કી વાણી ગુઢ. ૨૩

સમજે નહિં કો કામી મુંઢ,
નારી જાણો નરકનો સાજ,
અંતરમેં વિષયની દાજ;
ઘુંઘટ તાણે લોકની લાજ,
બીગાડયો મુક્તિનો કાજ,
"મસ્તરામ" બોલ્યા માહારાજ. ૨૪

નારી જાણો નરકની ખાણી,
મોહી રહ્યા હે સકળ પ્રાણી,
નિશ્ચે કરે મુક્તિની હાણી,
"મસ્તરામ" ની સુણજો વાણી. ૨૫

એક જગતમેં દેખી નારી,
બીગાડીયો દેખ્યો બ્રહ્મચારી:
નરકે તો પોચી ગઇ નારી,
ભેગો તો લેઇ ગઇ બ્રહ્મચારી,
"મસ્તરામ" બોલ્યા બચન વિચારી. ૨૬

ભણી ગણી કોઇ દેખા નાર;
મન ફીરે છે હારોહાર,
જીતી નહિં આ ઇંદ્રી દ્વાર,
ભણી ગણી ભુલીનો સાર,
માથા ઉપર જમનો માર,
"મસ્તરામ" બોલ્યા નિરધાર. ૨૭

ખરેખરી બ્રહ્માની બેટી,
સ્વર્ગ ભુવનથી ઉતરી હેટી,
કામી પુરૂષને જઇને ભેટી;
"મસ્તરામ" કહે રહેજે છેટી, ૨૮

એક જગતમેં દેખી મુંડી,
વિષય ઝેર ભરી છે કુંડી;
તીન તસુથી નહિં હે ઉંડી,
"મસ્તરામ" કહે સકળ જગ બુડી. ૨૯

સૌનાં એક મુળ ફવારા,
માંય ચલે રૂહરકી ધારા;
કોટી જનમેં ક્યા ઉતારા,
"મસ્તરામ" તો સૌથી ન્યારા. ૩૦

ખરી બાત નહિં સમજે મુરખ,
કુણ હિન્દુ ને કુણ હે તુરક.

કાયા છે પાણીનો બીંદુ,
પ્રાણ મુસલમાન નહિં હિન્દુ;
" મસ્તરામ " ભજ કૃપાસિંધુ, ૩૧

ઉંચ નીચ કુળ સૌનો મુતર,
ઉંચી જાતિ કાંવે સુતર;
પીતા જ્ઞાની ગાંડો પુતર,
" મસ્તરામ " કહે આપો ઉતર ૩૨

બ્રહ્મવેતા બ્રહ્મરૂપ હૈ, તજે જગતકા ભોગ,
બ્રહ્મણ સોઇ જાણીએ, સાધે આતમ જોગ;
સુંદર સોઇ જાણીએ, જાકા તરસના રોગ,
મસ્તરામ મહારાજ તો, બોલ્યા વચન અમોઘ, ૩૩

ચાર બેદનો પઠણ કરે, ઓર મન નહિ કિયો નિરોધ
આશા તૃષ્ણા નથી છોડતો, બ્રાહ્મણ બેદ બીરોધ;
ભાષા જાણે નહિ પારસી, ભણે નહિ ગીરબાણ;
રામભજન રંગ લાગી રહ્યો, ને પકડ્યો પદનિરવાણ
મસ્તરામ કેહે શુધ બ્રાહ્મણ, બેદબચન પરમાણ. ૩૪

ધરમ ભ્રષ્ટ જો સુખીયાં થાય;
બેદ પુરાણ નિષ્ફળ હો જાય:
ધરમ ધ્યાનમેં રાખી પ્રીતિ
" મસ્તરામ " કહે પાળો નીતિ. ૩૫

અવિદ્યાનાં છે ઉંડા મુળ.
અવિદ્યાને રચેલો થુળ;
"મસ્તરામ" કહે હરી જસ ગાય,
તો જડમુળથી અવિદ્યા જાય. ૩૬

ભગત ભગતી કરે બહુ ભાતિ,
રામ નામ જપે દિન રાતી;
તો અવિદ્યા જાય ઝપાટા ખાતી.
"મસ્તરામ" છોડી કુળ જાતી. ૩૭

એહ વાચન નહિ પોચે કેણી.
સૌથી ઉપર જાણો રેણી;
બ્રહ્મવિદ્યા અવિદ્યા હર લેણી,
"મસ્તરામ" તજો તૃષ્ણા દુઃખ દેણી. ૩૮

શિવ શક્તિ દોનુનો જોટો,
સઘળો જગત બન્યો છે ખોટો;
કાયા છે પાણી પરપોટો,
"મસ્તરામ" ને લાભ ન તોટો. ૩૯

હરિ મંદીરમે કદિ ન જાયે કદિ ન જોડે હાથ
દેખી ઉપરી ઉભો થાયે, ઉઠ બેઠ દિન રાત;
બાદી આગળ કરે લટપટીઆં, જ્યું બાંદરકી જાત,
મસ્તરામને હરીભજન વાલા, તજો દુષ્ટકો સાથ.૪૦:

નિસ્પ્રેહી તો સાવ સુતાંતર, કછુ રહી નહિ કસુર,
ત્યાગીને કુણ તાબે રાખે, હે કિસ્કી મગદુર;
અવિદ્યા વેલી જલી ગઈ, રહ્યો નહિ આંકુર,
મસ્તરામ મન મસ્ત ભયા, બ્રહ્માનંદ ભરપુર. ૪૧

સતપુરૂષ તો કરે કવિતા, નહિ જાચે ભૂપાળ,
ત્યાગી પૈસો પાસ ન રાખે, ખરેખરી હડતાળ;
અવિદ્યાને શીર ખીલી ધરબી, પહોંચી ગઇ પતાળ,
મસ્તરામ કુણ માપી શકે, ત્યાગી બુધ્ધિ વિશાળ ૪૨

નિસ્પૃહીનો ઉંચો પદ, ત્યાં તો ઉતરે સૌનો મદ;
રાજાપ્રજા યાચે રદ, મસ્તરામ છોડ જગતકી હદ.૪૩

પંડિત દેખ્યા ભૂપતી, ઔર દેખ્યા ધનવાન,
નિસ્પૃહીને કુમ બરાબર, બડે બડે ગુણવાન;
ત્યાગી ચડીયા ભોમકા, અભ્રુહદ ધુરે નિશાન;
મસ્તરામ મન મસ્ત ભયા, પહોંચે પદ નિર્વાણ.૪૪

દો અક્ષરથી કરો દોસ્તી, તો ઉતરો ભવપાર:
"મસ્તરામ" માહારાજ કે, રામ નામ હે સાર. ૪૫

લોભી પિંડીત નરકે જાશે,
જમ લઇને લટકાવે ફાંસે;
કળજુગ ત્યાગી થયા ન થાશે,
"મસ્તરામ" ફબી મીલે ઉદાસી. ૪૬

બ્રહ્મવિદ્યાની ભણે નિશાળ,
તેથી બુધ્ધી હોય વિશાળ;
નજીક તો નહિ આવે કાળ,
"મસ્તરામ" ભજ દિનદયાળ. ૪૭

કાળ ચક્કર લોઢે નહિ લાટ,
ફના હોઇ ગયે સઘળા ઠાઠ;
માયાના છે ખોટા ઘાટ,
"મસ્તરામ" કયું કરે ઉચાટ. ૪૮

બ્રહ્મવેતા કયું જનમ ઠગાયા,
આપણા ભોગ આપણે ખાયા,
અરૂ જમ કિંકરકે હાથ નહિં આયા.
"મસ્તરામ" ને કહી દરસાયા. ૪૯

સકામી બેદાંત બાંચે, મિરથા કરે લવારો,
સકામીને દાન કરે તો, ધોયો ગારે ગારો,
નિસકામીનો સંગ કરેતો, અગ્રબત થાયે સારો
મસ્તરામ કહે રામ ભજલ્યો માનો કેણ હમારો. ૫૦

અનનો દાતા અન આપે, ધન આપે ધન દાતા,
લોભીયાને દાન કરેતો, ખોટાં થાશે ખાતા,
નિરલોભીને અન આપે તો,
થાય સ્વર્ગના ભાતાં;

"મસ્તરામ" એક રામ ભજન બિન,
દેખ્યા નરકમેં જાતા. ૫૧
કંચન કામની દોનુ ત્યાગે,
રાત દિવસ ભજનમેં લાગે;
જનમ મરણ સેજે ભે ભાગે,
"મસ્તરામ" અનુભવમેં જાગે, ૫૨
આજલમાને જાલમ કહે છે,
નિરદોષીને દોષ દે છે.
ભગત થઇ અનિતિ કરે છે,
જન્મ ધરી તું પાછો મરે છે,
"મસ્તરામ" કહે કાજ કયુ રડે છે. ૫૩
ખટ દરશણ ને ચાર સંપ્રદા,
જુદા જુદા સો બાંધે પડદા;
કરે કજીયો ને ખાને ગડદા;
"મસ્તરામ" પુજે ચેતન પુજે ન મડદા. ૫૪
જો રસનાથી છુટે રસ,
તો પાંચે ઇંદ્રી થાયે વસ;
"મસ્તરામ" ની વાત સાચી,
ફેર બાત મત પુછો પાછી. ૫૫
કાયા કાચો કુંભ હે, ભરીયો અનુભવ નીર,
ઓરનકું તો ગમ નહિ પીવે 'મસ્ત' ફકીર ૫૬

અજ્ઞાની ખાય માયામેં ખતા,
પંડિત વાંચે પોથીનાં પત્તાં;
નિસ્પ્રહીને અદ્દભુત સત્તા
"મસ્તરામ" લગાડે પત્તા. ૫૭

કાયામેં દેવે હુંકારા,
ઉતર પરસણ કરણે હારા;
કાયા સંગ કાયાથી ન્યારા.
"મસ્તરામ" સોઽહ રૂપ હમારા ૫૮

મઠધારી દેખ્યા મઠવાળા, વસ્ત્ર તો પેરે રૂપાળા
ધન હરવાની ફેરે માળા ત્યાગતણાં કાઢ્યાં દિવાળાં,
"મસ્તરામ" ને જેગોપાળા ૫૯

ભોંય પથારી ઓઢણ અંબર;
ત્યાગ પાળતો પહેલે નંબર,
જાય મોક્ષમાં બાંધી કમ્મર,
"મસ્તરામ" ભજ દેવ વિસંભર. ૬૦

ઐસા ત્યાગ અંતરમેં આવે,
તો ત્યાગી રહેવે નિરદાવે;
અનાસુરતી કરમ ફળ પાવે,
ઐસા ત્યાગી દષ્ટ નહિ આવે.
"મસ્તરામ" કભી દરશણ પાવે. ૬૧

વાદી પુરૂષને પુછયો અન્તર,
કૈસે આત્મા સળંગ સુતર;
પ્રતીવાદીને દીનો ઉતર,
વ્યાપક આત્મા સળંગ સુતર;
રાગદેશ નહિ બંધ ખુલાશા
"મસ્તરામ" કે અજબ તમાસા. ૬૨
નવધા ભક્તિ ખડગ નવ ધારા,
કામ ક્રોધના કીયા પ્રહારા;
પાપ પુન્ય દોઇથી ન્યારા,
"મસ્તરામ" સોઇરૂપ હમારા. ૬૩
રામ ભજન વજરની લાટ,
અનુભવનાં તો ખુલે કપાટ;
બ્રહ્મવિદ્યાનો કીનો ઘાટ,
"મસ્તરામ" કહે ગીઓ ઉચાટ ૬૪
ત્યાગી પુરૂષનો લીનો વેશ,
દુર રહો ત્યાગીનો દેશ,
જગત જાળ ભાસે નહિ લેશ,
ત્યાં ત્યાગી કીનો પરવેશ;
"મસ્તરામ" બોલ્યા વર વેસ. ૬૫
સતવાદીને સાવ સ્વતંત્ર, દેખ્યા જે પુરૂષ અજીત,
કંચન કામની ભ્રષ્ટહે, જલકુ કૈયા ફજીલ,

છોડી બેઠા સૌ કાછડી રહ્યથો ન ઇંદ્રીજીત
"મસ્તરામ" કહે ક્રોધ ત્યાગી,
વીરલાજ્જકો હરીમેં પ્રીત. ૬૬

પંડીત બેઠા વાંચે પોથી,
વીણે છે રૂડખીયા મોતી;
નથી જાણતો આત્મ જોતી,
"મસ્તરામ" લીયો આપનો ઘર ગોતી. ૬૭

તપ ભગવાન સકળ સુખદાતા
તપ બળ શેષ ધરે તમ ભીભારા,
તપ આધાર સબ સૃષ્ટી ભવાની,
એતા [illegible]જ કે તપ કરો, કહે મસ્તરામ જાની ૬૮

સત પુરૂષકી સેબત સારી;
દર્શનથી સુખ ઉપજે ભારી,
જમ કીંકર ભાગે જખ મારી,
"મસ્તરામ" ભજ દેવ મોરારી. ૬૯

પંડિત મિથ્યા વાણીનો વેતા,
ખરો જોગ જાણી ન શકતા;
ત્યાગ ભોગ અભીમાન સમેતા,
"મસ્તરામ" ધન ધન બ્રહ્મ વેતા ૭૦

પ્રહલાદે સાધ્યો આતમ જોગ,

મળીયા પ્રગટ દેવ અમોઘ;
ભજ્યો શાસ્ત્ર કહે છે લોક,
"મસ્તરામ" છોડ જગતના ભોગ, ૭૧

સંતપુરૂષની કોરટ જાવે,
કજીયો જીતી આપને ઘેર આવે;
તાપર નહિ લગે અપીલ,
"મસ્તરામ" તો સદા વકીલ. ૭૨

સકામીનો સંગ ન કીજ્યે,
ત્યાગી શકે તો ત્યાગો;
કાયા નગરીમાં ચોર લુંટણીયા,
જાગી શકો તો જાગો,
"મસ્તરામ" કહે ખલ દુખદાયક,
ખલથી રહેજો આઘો. ૭૩

ઉડે વેલી જાય હવેલી,
રૂપિયાની બાંધે કેલી,
"મસ્તરામ" કહે થઇ ગઇ ઘેલી. ૭૪

પુર્વે નહી કોઇ પુન્ય ને પાપ,
નહીં બેટો અને નહીં બાપ;
"મસ્તરામ" જાણે કીસકા જાપ. ૭૫
વૈદને ઔષડનુ જોર,

ત્યાગીનું મન ગજબ કઠોર:
પાપીનું મન જાણે ચોર,
"મસ્તરામ" કહે ભજો આઠે પોર ૭૬
નવધા ભક્તિ ખડગ નિધારા,
કામ ક્રોધનાં કીયા પ્રહારા;
પાપ પુન્ય દોષથી ન્યારા,
"મસ્તરામ" સોઇ રૂપ હમારા. ૭૭
ત્યાગ વૈરાગ તો લાગે કડવા,
તે માણસને જાણો ભડવા:
લોભી જાય કોરટે લડવા,
પાપી જાય નરકે પડવા,
"મસ્તરામ" કહે ખોટા ઘાટ ન ઘડવા. ૭૮
સુંદર ભકતી સૌથી સારી,
ભજતો રહેને દેવ મોરારી,
જમ કીંકર ભાગે જખ મારી.
"મસ્તરામ" બોલ્યા બ્રહ્મચારી. ૭૯
પહેરે છે હીરકોરી ધોતી,
ધન હરવાની વાંચે પોથી,
બોધ કરે છે શેવક ગોતી;
નથી જાણતા આત્મ જ્યોતી,
"મસ્તરામ" કહે લાગી પનોતી. ૮૦

સ્વામી તો ધોળા ભગવા પહેરે,
રાતે ફેરે માળા,
શેવક શીખ સ્વામીને આપે,
ધન પેટીમાં પટકે આરા દેવે તાળા;
"મસ્તરામ" મહારાજ કહે,
સ્વામી ગદ્દડાવાળા. ૮૧
નિરમળમાં મળ આયા કયાંથી,
સંકલ્પ વિકલ્પ હું કરતા શાથી:
જડ ચેતનશી બની ગઈ સૃષ્ટી,
જે પુરૂષની આત્મ દ્રષ્ટી,
વિધી નીસેધ ભાસે નહી સૃષ્ટિ
"મસ્તરામ" ની બાત સાચી.
ફેર બાત ન પુછો પાછી. ૮૨
રામ ભજન કર સૂગળ પલીતા,
આવીદ્યા મુળ તો નાશ સહીતા,
"મસ્તરામ" ની સુનો કવિતા,
તરે સેજ સંસાર સરીતા. ૮૩
માર્ગીના મારગ સીધા,
કામ રસના પીયાલા પીધા;
અંતર જામીસે પીયાલા લીધા,
"મસ્તરામ" ને ભર ભર દીધા. ૮૪

પંડિત બેઠો પોથી વાચે,
અક્ષર અક્ષર કરે ખુલાશો,
જ્યું ત્યું તે નહીં ભાસે.
"મસ્તરામ" કશું લાભ ન દીસે. ૮૫

કાયા માયા ખોટી જાણી,
ચેત ચેત તું પામર પ્રાણી;
કરો ખેડ તો પાકે લાણી,
"મસ્તરામ" ની સાચી વાણી- ૮૬

નિસ્પ્રહીની અદભુત લીલા.
છુટે ન હીમ ન થાય નહીં ઢીલા,
ત્યાગી પુરૂષે ધરબ્યા ખીલા,
"મસ્તરામ" કહે વચન રસીલા. ૮૭

પંડીત પોથી અપને વશ રાખી,
મન ઈંદ્રીવશ કરણી બાકી,
બોધ કરે સેવકને ઝાંખી,
"મસ્તરામ" કહે સુણજો સાગી. ૮૮

પરમેશ્વરને પરહરે, નર્ક સમાજ લે આગળ ધરે,
તે જીવડા લક્ષ ચોરાશી ફરે,
"મસ્તરામ" કયુ કાજ હરે. ૮૯

વાતુડીયા દેખા બ્રહ્મવેતા,

કોઇ ન દેખ્યા તત્વવેતા:
પોથી વાંચી મર ગયા કેતા,
સબ દેખ્યા પૈસા ના લેતા;
'મસ્તરામ'' કહે ભજ કૃપા ન કેતા. ૯૦
સુદ્રસોઇ જાણીયો, જાકો તૃષ્ણા રોગ;
"મસ્તરામ" મહારાજતો,
બોલ્યા વચન અમોઘ ૯૧
જોગ જગતથી રહેશે ન્યારા,
ભગવા પેરી દેશે ડારા;
ત્યાગ વૈરાગ્યના કર્યા ઉધ્ધારા
"મસ્તરામ" તો સબસે ન્યારા ૯૨
જોગી જગતથી રેસે બારા,
તે તો લાગે સહુને પ્યારા;
અંતર ભીતર કરે ઉજારા,
" મસ્તરામ " કહે શેવક મારા. ૯૩
જે સેવકને જાણો મોટા,
તે તો જાણો દાનતના ખોટા;
મસ્તરામના જડશે સોટા.
" મસ્તરામ " પહેરે લાલ લંગોટા. ૯૪
જે સેવકને જાણો મોટા,
તેતો જાણો સબસે છોટા;

જ્ઞાન વૈરાગ્યના કસ્યા કછોટા,
મસ્તરામ છે સેવક મોટા. ૯૫
બ્રહ્મ વિદ્યા જોયા સરવાળા,
લાગી ગયા સબ રેસનતાળા,
અબશું લેશે કોઇ લેવનવાળા.
મસ્તરામને સદા દીવાળા. ૯૬
બ્રહ્મવિદ્યાની ભણે નિશાળ,
તેથી બુધ્ધી હોય વિશાળ,
નજીક તો નહીં આવે કાળ,
મસ્તરામ ભજ દીન દયાળ. ૯૭
કાળચક્ર લોદે નંહીં લાટ,
ફેના હોઇ ગગે સબના દાદ;
માયાના છે ખોટા ઘાટ,
મસ્તરામ કયું કરે ઉચાટ. ૯૮
બ્રહ્મવેતા કયું જાય ઠગાયા,
આપના ભાગ આપને પાયા;
અરૂ જમ કીંકરકે હાથ નહી આયા,
મસ્તરામને કહીં દરશાયા. ૯૯
બ્રહ્મ વિદ્યા છે સબસેં મોટી,
ઓર વિદ્યા સબ જાણો છોટી,
જ્ઞેય પ્રાપ્તી તો બાંધ લંગોટી,

ઘરમાં રહ્યો કેમ વીણે ગોટી;
મસ્તરામે કસી કસોટી 100
પ્રીતમ સાથે પ્રીત લગાડે,
કરે આરતી ઘંટ વગાડે;
ઉંઘી ગયેલા લાલ જગાડે,
મસ્તરામ મહારાજ કહે કોઇ હરી દ્વાર ઉઘાડે. ૧૦૧
જનમ મરણસેં જે ભે ભાગે,
મસ્તરામ અનુભવમેં જાગે;
અજન્માને જન્મ કહે છે,
નીરદોષીને દોષ દીએ છે;
ભગત થઇ અનીતી કરે છે,
જનમ ધરી તું પાછો મરે છે;
મસ્તરામ કહે કાજ કયું સરે છે. ૧૦૨
રામભજન રંગ લાગી રહ્યો,
તે પકડયો પદ નીરવાણ;
મસ્તરામ કહે શુધ્ધ બ્રાહ્મણ,
વેદ વચન પ્રમાણ. ૧૦૩
પંડીત બેસી પુરાણ જોતાં,
નારી નેણ બાણમાં મ્હોતા;
ભવસાગરમાં ખાતા ગોતા,
મસ્તરામ મગન ભર પોત્યા, ૧૦૪

બોલે મુખથી મીઠા વેણ,
કરે કથા માને નહીં કેણ;
બંધન પામે દેણા લેણ,
મસ્તરામકા ખુલ્લા નેણ. ૧૦૫
નહિ હે જ્યોતી નહીં હે તારા,
તેજ અલખને તરશે ન્યારા;
આત્મરૂપ અનુપમ પ્યારા,
મસ્તરામ સોઇ રૂપ હમારા. ૧૦૬
વેણ અગોચર અપરંપારા,
ઇંદ્રી પ્રાણ બુધ્ધિ આધારા;
સોહં સોહં સાધે ધારા,
મસ્તરામ સોઇ રૂપ હમારા. ૧૦૭
ગુરૂગમ બુઝી કરો વીચારા,
ઘટ ભીંતરસે ઘટે અંધારા;
આત્મ બોધ સુર સરીતા ધારા,
મસ્તરામ સોઇ રૂપ હમારા. ૧૦૮
મારા તારા મમતા તાણ,
હરખ હૈયામાં આવે હાણ;
મુરખને નહીં આવે જ્ઞાન,
મસ્તરામકા પદ નીરવાણ. ૧૦૯
વેપારી બહુ વેચે માલ,

સાંચે ભાવી હોય સગાલ,
મનમાં માને પડે દુકાલ
મસ્તરામ તો સદા ન્યાલ. ૧૧૦
આપ ગુરૂ થઇ ગોતે ચેલા,
અડબંગી દેખાતા ઘેલા:
મોહ પાનમાં ખાય ઠેલા,
મસ્તરામ તો ફીરે એકીલા. ૧૧૧
શસ્ત્ર ધરીને ડર દેખાડે,
કંઇક ક્રુર થઇ દેશ ઉજાડે,
નરક પડે બીજાને પાડે,
મસ્તરામશો આસક રવાડે. ૧૧૨
ધાવે ધરમ માટે દશ દીશ,
સુજે નહીં સૌમેંથી ઇશ
મસ્તરામ ક્યાં નમાવે શીશ. ૧૧૩
મનમાં માને હું છું મોટો,
ખરી વાત સમજ્યામાં ખોટો;
ગુણ અવગુણમાં વાળે ગોટો.
મસ્તરામ નરતો નહી જોતો. ૧૧૪
નહી રથ વાહણ ઘોડા હસ્તી,
રાજા પરજા નગર ન વસ્તી,
સમજુને માટે છે સસ્તી,

મસ્તરામની મોટી મસ્તી. ૧૧૫
બાધે રૂખ કરે બહુ કટકા,
પશુ પંખી પહેરે નહી પટકા,
લાલચ લાગી કરે બહુ લટકા,
મસ્તરામ શાખી ઘટ ઘટકા. ૧૧૬
પંચ ધુણકા તાપે તાપ,
હઠ નહીં છોડે દુખીયા આપ;
વણ સુતદારા સહે સંતાપ,
મસ્તરામ તો સબકા બાપ. ૧૧૭
સાધે સંયમ આપે ઢોંગી,
શોધે વૈદ શરીરે રોગી;
ઉપર સાધુ મનમાં ભોગી
મસ્તરામ તો હરદમ જોગી. ૧૧૮
સાધન સબસેં પર ઉપકાર:
કામ ક્રોધકા કર ધીકાર,
જીવ ટલીલે જગદા આધાર,
મસ્તરામ મોટે સંસાર. ૧૧૯
દૈવ દેવ શું કરે, પથર દેવ તો કાચો;
પથરમાંથી હીરો કાઢે, તે ગુરૂ સાચો,
નીસ્પ્રહીને પુરો રાજ;
નહીં બગડે નહી સુધરે કાજ;

નહીં આવે લોક પરલોકની લાજ,
મસ્તરામ બોલ્યા મહારાજ. ૧૨૦

ત્યાગી તો છે આપો આપ,
ત્યાગી જપે ઝીસકા જાપ;
લક્ષ ચોરાશી હોઇ ગઇ માફ,
મસ્તરામ કહે ગયો સંતાપ ૧૨૨

જાગતા પહેરે રાતા ચોળ,
ત્યાગ વૈરાગ દેખાડે ડોળ,
મન ગાવે માયાના ટોળ,
મસ્તરામ કહે માયા લાગે મીઠા ગોળ. ૧૨૨

આપુ ત્યાગી રહે વિનરાગી,
આઠે પહોર અંતર તે લાગી,
મસ્તરામ કહે મન મસ્ત,
જાય ત્યાં સમાધી જાગી. ૧૨૩

બુધ્ધીમાં કુબુધ્ધી શાલ,
જ્યાં તોલો ત્યાં નહીં નીકશા વાલ;
સંત પુરૂષ તો થયા નીહાલ,
મસ્તરામનાતો ખરા સવાલ. ૧૨૪

બુધ્ધીમાં કુબુધી કાંટો;
જો પડે સંશયનો છાંટો,

અંધા નેણે આંખ્યો પાટો,
મસ્તરામ કહે મારગ ઘાટો. ૧૨૫
બુધ્ધિનો છે અગણો વેગ,
નેતી નેતી કહે છે વેદ;
સંત પુરૂષે જાણ્યા ભેદ,
મસ્તરામને ગયો ત્યાં ખેદ. ૧૨૬
એક હતી ગોંસાઇની ચેલી,
દરશન કરવા જાય હવેલી;
આગળ ધરે રૂપૈયાની થેલી.
મસ્તરામ કહે ભેખ અલબેલી ૧૨૭
ગુરૂમંતર લેવો શું કારણ.
કોણ જગતમાં દુઃખ હે નીવારણ;
ગુરૂમંતર લેવો મમતા મારણ તૃષ્ણા નીવારણ
મસ્તરામ છે વિઘ્ન વીદારણ. ૧૨૮
મસ્તરામની મસ્ત ફકીરી,
ભરી ઉભા પીસ્તોલ;
પહેલે ભડાકે ઉડ્યા નીશાના,
કર્યો ન બીજો કોલ ૧૨૯
ખરી વાત નહીં જાણે ખોજા,
કેમ કરીયા સોજા;
સ્વામીનારાયણ ધર્મ પાળતા,

પડતા મેલ્યા રાગ્ન;
મસ્તરામ મહારાજ પાળે અનોગ્ન. ૧૩૦

બ્રહ્માસ્મી મુખથી કહે છે,
માયાને ખોટી કહે છે;
કાયા છુટે માયા ન છુટે, છુટી જાય લંગોટી
નારી આવે શીશ નમાવે જાવે મરણ પલોટી
મસ્તરામ માહારાજ કહે માયા સૌથી મોટી. ૧૩૧

લોભી પંડીત નરકે જાશે.
જમ લઇને લટકાવે ફાસે;
કલજુગ ત્યાગી થયા ન થાશે,
મસ્તરામ કબી મીલે ઉદાસે. ૧૩૨

ગેરણુ પૃથ્વી ઓઢણુ અંબર,
જ્ઞાન ધ્યાનમેં બાંધેલ કંબર;
સતગુરૂ નામકી ધારો ચમર,
મસ્ત કહે એ પહેલે નંબર. ૧૩૩

મસ્તરામે બાંધી ભેટ,
રાકીશ નહિ સામળીયા શેઠ,
મારે જાવું ઠેઠા ઠેઠ. ૧૩૪

એક જગતમેં દેખી કાળી,
આધ પુરૂષકી હે ઘરવાળી,

કરે સમાધી જગાડે તાળી,
મસ્તરામ કહે મેં નજરે ભાળી. ૧૩૫

એક જગતમેં દેખ્યા નાથ,
તેના દેખ્યા ઠુંઠા હાથ:
ભેગા બેસી જમીએ ભાત,
ઉતર આપે કીરપાનાથ. ૧૩૬

રાજા દુખીયા પરજા દુખીયા,
સળગે મસાણની હોળી.
જોગી દુખીયા જંગમ દુખીયા,
લોટ નહી મસકી ઝોળીમેં,

રોગી દુખીયા વૈદજ દુખીયા.
લાભ નહી ઓષડ ગોળીમેં;
મસ્તરામ તો સદા રેવે સુખીઆ,
વસે નહીં ઠગ ટોળીમે ૧૩૮

ચંદા દુખીઆ સુરજ દખીઆ,
દુખીયા તારા ગ્રહ ટોળીમે;
પાણી દુખીયા પવન બી દુખીયા,
દુખીયા પથર પોળીમેં,
મસ્તરામ સદા રેવે સુખીયા,
વસે ગ્નાનકી ટોળીમેં. ૧૩૯

મરણા બી દુખીઆ જીવના બી દુખીઆ,
દુખીઆ ટાંગા ટોળીમેં
જોગીડા બી દુખીયા ભોગીડા બી દુખીઆ,
મરે છે ચામડા ચોળીને,
મસ્તરામતો રેવે સુખીયાં એહાં ત્રશના રોળીને. ૧૪૦
મોહ મમતાની કાઢી ફાંસી,
મસ્તરામ કહે મટી ચોરાસી,
આશા મેલી ભમ્યો નિરાસી
મસ્તરામ કહે દેખ તપાસી. ૧૪૧
ચંચલ ચપળ મન જાણો મરકટ,
નવા નવા ઉઠાવે તરકટ;
મન જીતવો અતિ છે દુરઘટ,
મસ્તરામેં દેખ્યા પરગટ. ૧૪૨
મન રહયું માયામેં મોહી,
મનકો જીતી શકે ન કોઈ.
ત્યાગી પુરૂષ મન કીધો મર્દન,
મસ્તરામ કહે મારૂ ગરદન. ૧૪૩
અનુભવની ધગ ધગતી ગોળી,
સળગી રહી અવિદ્યાના હોળી;
રહી નહીં કોઇ ઝંડા ઝોળી;
મસ્તરામેં રાખજ ચોળી. ૧૪૪

સંત પુરૂષને જુગતી રચાઇ.
સરણાગતને લીયો વધાઇ,
પકડી ન શકે કાલ્ન કસાઇ,
મસ્તરામ કહે ભજન સખાઇ. ૧૪૫
થઇને એહા હરીનો દાશ.
ફીર કરે જગતની આશ:
તેની બુધી થઇ ગઇ નાશ,

મસ્તરામનાવચનખલાસ.

